# Haringey Citizens Advice Bureaux

# Debt and Money

# Advice and Information Pack

# હેરીંગે નાગરિક સલાહ કચેરી

# (હેરીંગે સિટિઝન્સ એડવાઇસ બ્યુરો)

# કરજ અને પૈસા

# સલાહ અને માહિતી પત્રિકા

ઘણાખરા લોકોને કરજ હોય છે.  મોરગેજ અને ભાડા, ઊંચા વ્યાજના દર તેમ જ કાઉન્સિલ ટૅક્સ ના ચઢેલા કરજ વિષેના સમાચારોથી છાપા ભરાયેલા હોય છે.  આવી સ્થિતિ તમારા એકલાની જ નથી. ઘણા માણસોને તેમની હાલની આવક પોતાના નિર્વાહ માટે ઓછી પડે છે.

કરજનો બોજ હળવો કરવાના આશયથી હેરીંગે સિટિઝન્સ એડવાઇસ બ્યુરોએ આ સલાહ અને માહિતી પત્રિકા પ્રકાશિત કરી છે.  કરજ ઉપર કેમ કરીને કાબૂ મેળવવો એની દોરવણી પત્રિકામાં તબક્કાવાર રીતે આપવામાં આવી છે.  આમાં બજેટ અને ચુકવણીની વિગતો ભરવા માટેના ચાર્ટ/કોષ્ટક પણ આપેલા છે.

કરજ બારામાં સલાહ-સૂચન માટે લોકો બ્યુરોમાં આવે છે તેમને અપાતી સલાહને અને એ અનુભવને આધારે આ સલાહ અને માહિતી પત્રિકા તૈયાર કરવામાં આવી છે; આશા છે કે આપને પણ એ સહાયરૂપ નીવડશે.

## સાવધાન!

**જો**

- મોરગેજના હપ્તા કે ભાડા ભરપાઇ ન થયા હોય;
- ગેસ – વીજળીના બીલ ન ભરાયા હોય;
- કાઉન્સિલ ટૅક્સ ના ભરાયો હોય;
- પાણીના બીલ ન ભરાયા હોય;
- કોર્ટ તરફથી દંડ કરવામાં આવ્યો હોય; યા
- હપ્તા ઉપર કરેલ ખરીદીનું દેવું ચઢી ગયું હોય;

**અને તમને**

- આપનું ઘર ગુમાવવાની;
- ગેસ-વીજળી વગેરે કપાઇ જવાની;
- બેલિફની;
- કેદની સજાની; કે
- જપ્તીની

**ધમકી મળી હોય, તો**

## અત્યારે જ સલાહ માટે પગલાં લો!

# અંકુશ મેળવવા માટે ૯ (નવ) સરળ પગથિયાંની સોપાન શ્રેણી

| | |
|---|---|
| પગથિયું ૧ | આવક અને જાવક (બીલ વગેરે) ને લગતા બધા કાગળિયાં તેમ જ કેલ્ક્યુલેટર લઈને બેસો. |
| પગથિયું ૨ | ચાર્ટ A નો ઉપયોગ કરી તમારી બધી આવક અને જરૂરી ખર્ચનો હિસાબ કરો |
| પગથિયું ૩ | હવે, બાકી રહેલ કરજ ઉપર ધ્યાન આપો. એમાં કોઇ “સિક્યોર્ડ લોન” હોય - યાને કે દેણી ભરપાઇ ન થાય તો લેણદાર તમારી મિલકત-મૂડી (મહદ્ અંશે, તમારું મકાન) જપ્ત કરી શકે - તો એ કરજ પ્રથમ ચૂકવવાનું હોય છે. **તાત્કાલિક** કોઇ સ્થાનિક સલાહ-કેન્દ્ર પાસે જઇ **સલાહ માગો.** |
| પગથિયું ૪ | બાકીના લેણદારોને ફાળવવા માટે કેટલી રકમ રહે છે તેનો હવે અંદાજ આવી ગયો હશે. અગાઉ નક્કિ કરેલ હપ્તા ભરી શકાય એટલી રકમ ના પણ હોય, અને પહેલાનું દેવું પણ ચઢેલું હોય. આ ટાંકણે અગત્યનું તો એ છે કે તમારા (આર્થિક) સંજોગોથી એમને વાકેફ કરી દેવા. |
| પગથિયું ૫ | કરજ અને પૈસા બારામાં સલાહ આપતી સ્થાનિક એજન્સી પાસે જાવ:<br>૧. તમારી મૂંઝવણની એને જાણ કરો, અને વિગતથી સમજાવો;<br>૨. આવક અને જરૂરી ખર્ચના હિસાબ વાળો ચાર્ટ A એમને બતાવો.<br>a) લેણદારો ઉપર પત્ર લખવામાં એ મદદ કરી શકશે જેથી તમારી મૂંઝવણની એને જાણ કરો, અને વિગતથી સમજાવો;<br>b) તમારી મૂંઝવણ ઉકેલવા માટે લેણદારો પાસેથી થોડો સમય માગશે;<br>c) વ્યાજ માફ કરવાની લેણદારોને ભલામણ કરશે;<br>d) તમારા ખાતા વિષે પૂરતી વિગતો લેણદારો પાસેથી મંગાવશે (ખાસ તો તમારા મૂળ, ઓરીજીનલ કાગળિયાં ખોવાઇ ગયા હોય તો). |

| | |
|---|---|
| પગથિયું ૬ | ઉપર પ્રમાણે લખેલ પત્રોના જવાબ આવતાં સહેજે ત્રણેક અઠવાડિયા લાગશે.  એ સમય દરમ્યાન:<br>૧ તમારી જાવક ઉપર ધ્યાન રાખશો અને આવક-જાવકના હિસાબના ચાર્ટમાં જે જે રકમ નોંધી છે તે બરાબર છે અને બધું આવરી લે છે તે પણ ચકાસી લેશો;<br>૨ "સીક્યોર્ડ લોન" વિષે જાણકાર પાસેથી સલાહ લો;<br>૩ તમને કોઇ બેનિફિટ કે ભથ્થા મળે એમ છે કે નહીં તેની તપાસ કરી લો. |
| પગથિયું ૭ | હવે આપને આપની નાણાકીય પરિસ્થિતિનો પૂરો ચિતાર મળી ગયો હશે.  કદાચ બીજી વધારાની આવક કે જાવક યાદ આવે તો એ નોંધવા માટે બીજા આવક-જાવક ચાર્ટની જરૂર પડશે.  આ પેકના અંતભાગમાં આપેલ ચાર્ટનો ઉપયોગ કરી શકાશે. |
| પગથિયું ૮ | તમારૂં કરજ ચૂકવવા માટે આ વ્યાજબી સૂજાવ છે, અને આશા છે કે આપના ઘણાખરા લેણદારો આપની દરખાસ્ત સ્વીકારી લેશે. |
| પગથિયું ૯ | છેલ્લે, તમારી આર્થિક પરિસ્થિતિ ઉપર વિચારણા કરવા માટે તમારા સલાહકારને ચારેક મહિનામાં ફરી મળવા માટે મુલાકાત ગોઠવી લો, જેથી બધું બરાબર છે કે નહીં તે તપાસી લેવાય અને કંઇ ફેરફારની જરૂર લાગે તો એ પણ કરી શકાય. |

**Chart A**

## આવક

| | અઠવાડિક | | માસિક |
|---|---|---|---|
| પગાર - તમારો પોતાનો | | | |
| પગાર - તમારા સાથીનો | | | |
| બેનિફિટ | | | |
| પેન્શન | | | |
| ભરણ-પોષણ (દા.ત. ત્યક્તાને મળે છે તે) ખર્ચ પેટે | | | |
| બીજા (આશ્રિત ન હોય તેવા) તરફથી મળતા ફાળા | | | |
| અન્ય આવક | | | |
| **કુલ** | | ૫૨ ÷ ૧૨ = | |

## અગત્યના ખર્ચા

| | | | |
|---|---|---|---|
| ભાડું/મોરગેજ | | | |
| સર્વીસ ચાર્જ/જમીન ભાડું | | | |
| પાણીના બીલ | | | |
| કાઉન્સિલ ટૅક્સ | | | |
| વિમો - ઘર અને ઘરવખરીનો<br>- જીવનવિમો | | | |
| વીજળીના બીલ | | | |
| ગેસ/અન્ય બળતણના બીલ | | | |
| ટેલિફોન બીલ | | | |
| ટીવી લાયસન્સ અને ટીવીનું ભાડું | | | |
| હપ્તા ઉપર લીધેલ વસ્તુઓ (ફર્નિચર વગેરે) | | | |
| પ્રવાસ/મુસાફરી ખર્ચ - પોતાનો<br>- સાથીનો, સંતાનોનો | | | |
| ગાડી (મોટર)ના ખર્ચ | | | |
| બાળ-સંભાળના ખર્ચ | | | |
| ભરણ-પોષણ ખર્ચ / દંડ | | | |
| સોશિયલ ફંડની લોન | | | |
| વસ્ત્રો (સ્કૂલના તેમ જ નેપી વગેરે પણ ગણવાના) | | | |
| ખોરાક (દૂધ તથા સ્કૂલમાં મળતું ખાવાનું પણ ગણાય) | | | |
| સામાન્ય ઘરખર્ચ (સાફસૂફીની વસ્તુઓ પણ ગણવાની) | | | |
| આરોગ્યને લગતા ખર્ચ (દાંતની સારવાર, ચશ્મા વગેરે) | | | |
| પરચૂરણ / અન્ય ખર્ચ | | | |
| **કુલ** | | ૫૨ ÷ ૧૨ = | |

| | |
|---|---|
| **કુલ આવક** | = |
| **અગત્યના ખર્ચા** | = |
| **સુલભ આવક** | = |